# જ્ઞાનગંગા

## યુનિવર્સિટી ન્યૂઝ

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

વર્ષ-૧૦ અંક-૩૦ (આંતરિક વિતરણ) ૧૬ ઓક્ટોબર, ૨૦૧૬















## ૧૫ મી ઓગષ્ટ ૨૦૧૬

સ્વાતંત્ર દિનની ઉજવણી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના "જ્યોતિર્મય" પરિસરમાં યુનિવર્સિટી પરિવારના વિશાળ સભ્યો સાથે દેશભક્તિના ગીતોનું ગીત-સંગીત પ્રસારણ યુનિવર્સિટીના ચૈતન્ય સ્ટુડિયોમાંથી કરવામાં આવ્યું.



માનનીય કુલપતિશ્રીના વરદ હસ્તે ધ્વજવંદન થયું. યુનિવર્સિટીના પરિવારના સભ્યોએ દેશભક્તિ ગીતો ગાઈને ઉજવણી વધારે



આ સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન પ્રમોદ પાટીલ દ્વારા કરવામાં આવ્યું હતું.





## યાદ કરો કુરબાની

તા. ૨૩ ઓગષ્ટ, ૨૦૧૬ ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં યાદ કરો કુરબાની પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સંકલન ડૉ. મૌનસ ઠાકરે કર્યું હતું.



જેમાં યુનિવર્સિટીના પરિવારમાંથી ઘણાં બધાંએ શહીદોને યાદ કરીને રાષ્ટ્રભાવના જાગે તેવા ગીતોની રજૂઆત કરી હતી.



જેમાં ડૉ. આવા શુક્લા , ડૉ. મૌનસ ઠાકર, ડૉ. યોગેન્દ્ર પારેખ, ડૉ. રવિ ગોર, ગીતાબેન પરીખ, સેજલ પટેલ, દિવ્યાબેન, મેઘનાબેન, શ્રુતિબેન, સંજયભાઈ પટેલ તથા પ્રમોદભાઈ પાટીલ, મનીષ રાવલ બધાએ સુંદર ગીતોની તથા સમૂહગાનની રજૂઆત કરી હતી અને આખા વાતાવરણને કુરબાની યાદ કરતા હોય તેવો કરી દીધો હતો.



કાર્યક્રમનું સુંદર અને સફળ સંચાલન ડૉ. કુસુમ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

## હિન્દી પખવાડા સમારોહ

તા.૧૪-૦૯-૨૦૧૬ થી તા.૨૯-૦૯-૨૦૧૬ દરમ્યાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે 'હિન્દી પખવાડા' સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું.



જેમાં માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની , કા.કુલસચિવશ્રી ડૉ. અમી ઉપાધ્યાય તથા નિયામક એકેડેમિક શ્રી રવિ ગોર, ડૉ. આવા શુક્લ (નિયામક SS) તથા નિયામકશ્રીઓ અને તમામ સ્ટાફ હાજર રહેલ હતો. જેમાં હિન્દી ભાષાનું મહત્વ તથા હિન્દી ભાષાના ઉદ્દભવ , વ્યાપ વિશે અને હિન્દીની રાષ્ટ્રભાષાના દરજ્જા અંગે સહુએ રજૂઆત કરી હતી.



જે પૈકી ડૉ. યોગેન્દ્ર પારેખ, ડૉ. મૌનસ ઠાકર, શ્રી અનિલ રાઠોડ, શ્રી મેરૂજી , ડૉ. આવા શુક્લ, ડૉ. રવિ ગોર અને ડૉ. અમીબેન ઉપાધ્યાયએ હિંદી ભાષામાં વૈવિધ્યપૂર્ણ રજૂઆત કરી હતી. માનનીય કુલપતિશ્રીએ હિંદી ભાષાના મહત્વ અને તેનાં ગૌરવ અંગે પ્રગલ્ભ હિંદીમાં માનનીય ઉદ્દબોધન આપ્યું હતું

## સર્ટિફિકેટ કોર્ષ – ગ્રામ વિકાસ સહાયક (GVS)

ગુજરાત સરકારના ગ્રામ વિકાસ સાથે સંકળાયેલા પંચસ્તંભ યોજનાના ગ્રામવિકાસ સહાયક કર્મચારીઓમાં કાર્યકુશળતા વિકસાવવા અને સરકારશ્રી દ્વારા અમલીકરણ કરવામાં આવેલ છે.



યોજનાઓને વધુમાં વધુ સારી રીતે લોકો સુધી પહોંચાડવા માટે સરકારશ્રી ગ્રામ વિકાસ વિભાગના કર્મચારીઓ માટેના સર્ટિફિકેટ કોર્ષ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તૈયાર કરી



અમલી કરવા માટે તારીખ ૧૬ સપ્ટેમ્બર ,૨૦૧૬ ના રોજ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની , માનનીય નિયામકશ્રી (ડૉ. રવિ ગોર) તથા કાર્યકારી કુલસચિવશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય દ્વારા ગ્રામવિકાસના (RD & SIRD)



ઓફિસરો સામે મિટીગો યોજવામાં આવી તથા પ્રા.સંજય પટેલ –વ્યાખ્યાતા સમાજશાસ્ત્ર તથા તજજ્ઞશ્રી ડૉ. રવીન્દ્ર પંચોલી,સુશ્રી નીલાબેન પટેલ (ફેકલ્ટી ઓફ સોશિયલ સાયન્સ-સ્પીપા), અનીલ એસ. પટેલ (પ્રકોર ફેકલ્ટી મનરેગા), મેઘના પરીખ (આસી. કમિશનર), દીપ્તિ પરમાર (કોર ફેકલ્ટી), સંકેત જે. જોશી (નાયબ જીલ્લા કો-ઓર્ડીનેટર ,પાટણ) તથા સંદીપ પવન (GLPC અધિકારી)શ્રીઓ સાથે તારીખ ૦૯-૦૯-૨૦૧૬ ના રોજ ગ્રામવિકાસ સહાયક કોર્ષ માટે મિટિંગ યોજવામાં આવી.

## સામાજિક સમરસતા અને સ્વચ્છતા અભિયાન સપ્તાહ

તા.25મી સપ્ટેમ્બર, પ્રખર રાષ્ટ્રસેવક પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીનો જન્મદિવસ તથા બીજી ઓક્ટોબર, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો જન્મદિવસ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે ‘સામાજિક સમરસતા અને સ્વચ્છતા અભિયાન સપ્તાહ’ની ઉજવણીનું આયોજન માનનીય કુલપતિશ્રીના માર્ગદર્શનમાં થયું.



તા.25મી સપ્ટેમ્બરે ગૌતમ સભાગૃહમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના જીવન–કાર્ય તથા તત્ત્વચિંતન વિશે જાણીતા વિદ્વાન ડૉ. ગિરીશભાઈ ઠાકરે ઉદ્‌બોધન કર્યું હતું.

પંડિતજીના ‘એકાત્મમાનવ દર્શન’ સંદર્ભે માનનીય પ્રવચનની સમાંતરેપંડિતજીના જીવનકાર્યનાં પ્રેરક ઉદાહરણો દ્વારા વક્તાશ્રીએ શ્રોતાઓને લાભાન્વિત કર્યા હતા. રાજ્યનીતિશાસ્ત્રના જાણીતા પ્રોફેસર શ્રી હર્ષદભાઈ યાજ્ઞિકજીએ સ્વચ્છતા તથા સમરસતાકેન્દ્રી વક્તવ્યમાં મહાત્મા ગાંધી અને પંડિત દીનદયાળજી વિશે અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. પ્રાધ્યાપક સંજયભાઈ પટેલએ ડૉ. ગિરીશભાઈ ઠાકરનો તથા ડૉ. હેતલ ગાંધીએ પ્રો. હર્ષદભાઈ યાજ્ઞિકજી નો પરિચય કરાવ્યો હતો.



કાર્યક્રમની પ્રાસંગિક ભૂમિકા ડૉ. યોગેન્દ્ર પારેખે રજૂ કરી હતી તથા કાર્યક્રમનું સંચાલન ડૉ.કૃતિબેન છાયાએ અને આભારદર્શન ફાઈનાન્સ ઓફિસર શ્રી શ્રુતિબેન પાઠકે કર્યું હતું. સપ્તાહના પ્રારંભે રાષ્ટ્રસેવક પંડિત દિનદયાળ ઉપાધ્યાયના કાર્યાનુભવના પ્રત્યક્ષ સાક્ષી રહી ચૂકેલા બંને વક્તાઓનો યુનિવર્સિટીને લાભ મળ્યો, તે મુખ્ય ઉપલબ્ધિ ગણી શકાય યુનિવર્સિટી દ્વારા પૂરા પાડવામાં આવ્યા.

સ્વચ્છતા અભિયાન નિમિત્તે સમગ્ર યુનિવર્સિટી પરિવાર નક્કર કામગીરી કરે, તેવો માનનીય કુલપતિશ્રીનો આગ્રહ અને પ્રેરણાના પરિણામ સ્વરૂપે તા.29-09-2016ના રોજ છારોડી ગામમાં સ્વચ્છતા અભિયાન કરવાનું નક્કી થયું. ગામની પ્રાથમિક શાળાનો સહયોગ મળ્યો. શાળાના મુખ્ય શિક્ષિકા શ્રી જસુમતીબેન સાથે યુનિવર્સિટી વતી સંયોજકની ભૂમિકાએ ડૉ. મૌનસ ઠાકર, પ્રા. સંજય પટેલ, ડૉ. મયંક સોની તથા શ્રી અમિત મેકવાન દ્વારા પરિણામલક્ષી કામગીરીની રૂપરેખા નક્કી થઈ. છારોડી ગામમાં સફાઈ કામગીરી માટે જરૂરી સાધનો છારોડી પ્રાથમિક શાળા (સ્માર્ટ શાળા)માં સ્વચ્છતા અભિયાન પ્રારંભની સંકલ્પ બેઠકમાં યુનિવર્સિટી વતી માનનીય કુલસચિવ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય, શૈક્ષણિક નિયામકશ્રી ડૉ. રવિ ગોર, નિયામક વિદ્યાર્થી સહાય સેવા શ્રી ડૉ. આવા શુકલા તથા વરિષ્ઠ અધિકારીઓ,અધ્યાપકશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં.







સંકલ્પ બેઠકનું આયોજન તથા સંચાલન ડૉ. મૌનસ ઠાકરે કર્યું. ઉલ્લેખનીય છે કે, શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સ્વચ્છતાકેન્દ્રી નાટિકાઓ તથા કાવ્યો પ્રસ્તુત કર્યા

હતાં. યુનિવર્સિટી વતી પ્રાસંગિક ઉદ્દબોધનમાં પ્રો. ડૉ. અમીબેન ઉપાધ્યાયે શાળાની પ્રવૃત્તિઓને બિરદાવવાની સાથે સ્વચ્છતા સંકલ્પને સાર્થક કરવાના પ્રયાસને બિરદાવ્યો હતો.








OU
BA



## સ્વાધ્યાયઃ પરમં તપઃ





સંકલન : ડૉ. આવા શુક્લા (નિયામકશ્રી, વિદ્યાર્થી સહાય)

સહ-સંકલન : ડૉ. ચેતના શાહ- ગ્રંથપાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
'જ્યોતિર્મય' પરિસર
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,
અમદાવાદ-૩૮૨ ૪૮૧

ગ્રાફિક્સ ડિઝાઈન : ગીતા પરીખ

ટાઈપિંગ : સાહિસ્તા મલેક



સંપાદક : પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય
કા. કુલસચિવશ્રી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
'જ્યોતિર્મય' પરિસર,
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,
અમદાવાદ-૩૮૨ ૪૮૧
ઈ-મેઈલ : feedback@baou.edu.in
www.baou.edu.in